PARIPEX - INDIAN JOURNAL OF RESEARCH | Volume - 13 | Issue - 05 | May - 2024 | PRINT ISSN No. 2250 - 1991 | DOI : 10.36106/paripex

ORIGINAL RESEARCH PAPER

Literature

# ADRUSHYA PAASH MANTHI MUKTI NI VAARTA: 'MUKTA'

**KEY WORDS:** મનોમંથન અને સ્મૃતિજગત, ભૂતકાળ અને વર્તમાનની સન્નિધિ, સહોપસ્થિતિ, નારીવાદ, પરિવેશ.

**Aashka Pandya** Arts And Commerce College, Near Railway Crossing, Vadnagar

**ABSTRACT**

શિરીષ પંચાલની 'મુક્તા' નારીના શોષણનું જુદું જ રૂપ પ્રગટ કરતી રચના છે. પ્રેમની વાતે સર્વસ્વ અર્પણ કરતી સરલા, પ્રેમના નામે સરલાનું શારીરિક અને લાગણીના મુદ્દે ચાલાકીથી શોષણ કરી પોતાની સત્તા ટકાવતો મનહરલાલ, પ્રેમના લીધે જ સરલાની પડખે રહેતો નયન અને પોતાની નિર્દોષ ચેષ્ટાઓ વડે સરલાની આંખે બંધાયેલા પાટા દૂર કરતી નાનકડી કૈરવી – વાર્તાના મુખ્ય પાત્રો છે. વાર્તામાં  સમય બે દિવસનો છે. બે દિવસ, બે વ્યક્તિ અને બે મુલાકાત. એ રીતે વાર્તાની સંકલના દૃઢ બની છે. આ બે મુલાકાત વચ્ચેના સમયમાં જ સરલાના મનોમંથનોનું નિરૂપણ છે. અંતે સરલા મનહરલાલના પાશમાંથી મુક્ત થાય છે.

**અદૃશ્ય પાશમાંથી મુક્તિની વાર્તા: 'મુક્તા'**

શિરીષ પંચાલની નાનકડી વાર્તા 'મુક્તા' વાંચતા અનાયાસપણે લિઓ ટોલ્સટોયની વિખ્યાત રચના 'ક્રેઈત્સેર સોનાટા' યાદ આવી જાય. ટોલ્સટોયે આ રચનામાં નિર્મમપણે પુરૂષપ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રીનું અલગ-અલગ રીતે થતું શોષણ દર્શાવ્યું છે. એટલું જ નહીં, કલાસ્વામી ટોલ્સટોય આ રચનામાં પુરૂષો સ્ત્રીને સ્ત્રી ન રહેવા દઈ પોતાની વૃત્તિઓ તેનામાં શી રીતે આરોપિત કરે છે તે પણ દર્શાવે છે. અંતે સ્ત્રી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ગુમાવી દઈ પુરૂષ ઈચ્છે તેવી બની જાય છે. સદભાગ્યે 'મુક્તા'ની સરલા મનહરલાલના અદૃશ્ય પાશમાંથી મુક્ત થાય છે. 'ક્રેઈત્સેર સોનાટા'ની નાયિકા તો નાયકના હાથે જ મૃત્યુ પામે છે.

'મુક્તા' વાર્તાનું રચાના વર્ષ ૧૯૯૨-૯૩ છે. સંરચનાની રીતે જોઈએ તો સરલાની પંદર વર્ષ પછીની નયન સાથેની મુલાકાત અને નયનના પ્રશ્નથી ખળભળેલી ઊઠેલી સરલાની મનહરલાલ સાથેની મુલાકાત – બે જ મુલાકાત વાર્તાકારે વર્ણવી છે. સમય બે દિવસનો છે. બે દિવસ, બે વ્યક્તિ અને બે મુલાકાત. આટલામાં જ સરલા, મનહરલાલ અને નયનનું વ્યક્તિત્વ (નાનકડી કૈરવી પણ ખરી) સચોટ રીતે ઉપસાવી દીધું છે. બે મુલાકાત વચ્ચેના સમયમાં સરલાના મનોમંથનોનું નિરૂપણ છે. એ મનોમંથનમાં જ સરલાની સ્મૃતિઓ વડે તેનો અલપ-ઝલપ ભૂતકાળ આવી જાય. આ સ્મૃતિઓ વડે મનહરલાલનું પાત્ર પણ ઊઘડે. ભાષાકર્મની દૃષ્ટિએ જોઈએ તો સરલાના મનોમંથનવાળો આખો અંશ સંકેતોથી સભર, કાવ્યાત્મક અને સરલાના મનોજગતને સુરેખ રીતે ઉપસાવતો બન્યો છે. તેમાંય સરલા પહેલી વાર મનહરલાલને મળી હતી એ વેળાની તેની વયસહજ મુગ્ધતા, સમર્પણ અને સામાપક્ષે મનહરલાલની કુટિલતાનું સંકેતાત્મક નિરૂપણ યાદગાર બન્યું છે.

“પહેલી વાર મનહરલાલ પાસે ગઈ હતી ત્યારે કોઈક ખૂણામાં પાંચીકા રમવાની, દોરડાં કૂદવાની વય સંતાડી રાખી હતી. દેહનગરીની શેરીઓનો પરિચય થયો નહોતો. જેની પાસે ધસી ગઈ હતી એણે તો પોતાનો બધો બોજ તેને સોંપી દીધો હતો. પણ બોજ સોંપતાં પહેલાનું વાક્ય કેવું હતું? 'તારામાં માછલી, ખિસકોલી અને પતંગિયાનો અદભુત મેળ છે!' વાંસળીનો સૂર સાંભળીને ભાન ભૂલી ગયેલી ગોપીની જેમ એ મનહરલાલના વૃન્દાવનમાં આવી ગઈ અને તેના કાનમાં આછા શબ્દો પડ્યા... 'જેવી રીતે અર્જુન માત્ર પંખીની આંખ જોતો હતો તેવી રીતે તારે માત્ર મને જોવાનો.' ત્યારે તો કેવું સુખ થયું હતું. એ કેવી ભોળી હતી, ભોળી ભરવાડણ. તેણે તો તરત જ પોતાની દુનિયાની ગડી વાળી દીધી હતી અને બીજા બધા ગાભાઓની વચ્ચે સંતાડી દીધી હતી.” (પૃ-૧૨,૧૩)

સ્ત્રીનું લાગણીના મુદ્દે થતું શોષણ અને મનહરલાલનું શોષક વ્યક્તિત્વ આ બંને બાબતો અહીં વ્યંજનાત્મક રીતે સૂચવાઈ છે. 'અર્જુનની જેમ તારે માત્ર મને જોવાનો' એમ કહેતાં મનહરલાલ લાગણીશીલ સરલાને સ્વ વિષે વિચારતી બંધ કરી દે છે. સરલાના જીવનનું કેન્દ્ર સરલા નહીં પણ મનહરલાલ બની જાય છે. તે સરલા સાથેના સંબંધોનો જાહેરમાં સ્વીકાર કરતા નથી. છતાંય સરલા પરની તેમની પકડ કેવી છે તે જુઓ.

'મનહરલાલનો બીજો નિયમ હતો, સરલા એમનાથી છૂટી પડે ત્યારથી માંડીને ફરી મળે ત્યાં સુધીનો બધો હિસાબ આપવો પડતો હતો.' (પૃ-૧૪) સરલાના મુખે નયનનો ઉલ્લેખ આવતાવેંત મનહરલાલની પ્રતિક્રિયા જુઓ.

'નયન? પેલો નયન? તારી સાથે પરણવા પૂંછડી પટપટાવતો નયન? પાછો એવો ઈરાદો તો નથી ને? બદમાશ કંઈનો? અને જો સરલા, એવા બદમાશોથી ચેતતા રહેવું... નયનની વાતોમાં ન આવીશ. એ તને બહેકાવા આવ્યો છે. તારી જિંદગી બરબાદ કરી નાખશે.' (પૃ-૧૫)

મનહરલાલનું શોષક વ્યક્તિત્વ સરલાને નયનના એક સવાલથી સમજાય છે. વાર્તાનો આરંભ નયનના સવાલથી થાય છે. 'તમે કોણ છો સરલા?' પંદર વર્ષ પહેલાં નયન સરલા સાથે લગ્ન કરવા માંગતો હતો. એ સમયે મનહરલાલની મોહજાળમાં બંધાયેલી સરલાએ મનહરલાલે ઘુંટાવીને ગોખાવેલો જવાબ આપ્યો હતો: 'લગ્ન એટલે સ્વતંત્રતા પરનું આક્રમણ.' નયનનો સીધોસાદો લાગતો સવાલ સરલાને નવેસરથી સ્વ વિશે, મનહરલાલ સાથેના સંબંધ વિશે વિચારવા પ્રેરે છે. વાર્તાની રીતે જોઈએ તો નયનના પ્રશ્નથી સરલાના ચિત્તમાં વમળો સર્જાય છે. એ વમળો વાર્તાનો મહત્ત્વનો હિસ્સો છે. પાત્રના ચિત્તમાં મનોમંથન જન્મે એ ક્ષણથી થતો વાર્તાનો આરંભ ભાવકની અંદર પણ જિજ્ઞાસા જન્માવે. તેમાંય પ્રશ્ન ઉપલક નજરે સાવ સરળ લાગે પરંતુ કથક એ પ્રશ્ન વડે સરલાના મનોજગતમાં જે ભરતી-ઓટ આવે એ નિરૂપે ત્યારે ખ્યાલ આવે કે પ્રશ્ન સરળ નથી. એ પ્રશ્નના લીધે જ સરલા પોતાના પંદર વર્ષના ભૂતકાળને ફરી ઉકેલે છે ત્યારે તેને સમજાય છે કે તેની જિંદગીની પળેપળ મનહરલાલના અદૃશ્ય પાશમાં બંધાયેલી છે. વાર્તાકારે ઘેરા રંગો વડે રંગીને મનહરલાલનું કપટી વ્યક્તિત્વ ન ઉપસાવતાં સાંકેતિક રીતે આછા લસરકાથી આ બાબતો દર્શાવી છે જે યોગ્ય છે. કારણ કે વાર્તાના કેન્દ્રમાં સરલા છે. નયન જેવું બીજું નાનકડું પાત્ર કૈરવીનું છે. સરલા નયન અને કૃતિ સાથે હોટેલમાં બેઠી હોય છે ત્યાં નાનકડી કૈરવી પણ તેની મા સાથે પાસેના ટેબલ પર બેઠી હોય છે. સરલાના માથામાં ક્યું ફૂલ છે એ જાણવાની કૈરવીની જિજ્ઞાસા અને તેની સરલા સાથેની વાતચીત રસપ્રદ છે. કૈરવીની નરમ હથેળીનો સ્પર્શ અને અબોલી, મદનમોહન મોગરો જેવા ફૂલોના ઉલ્લેખો પણ સૂચક છે. કૈરવી સરલાને અબોલી રાણી કહે છે. કૈરવીનાં સ્પર્શે સરલાનું માતૃત્વ જાગૃત થાય છે. અહીં હોટલનો પરિવેશ ઉપકારક શી રીતે બને છે તે જોવા જેવું છે. સરલા નયન અને કૃતિ સાથે

હોટલમાં બેઠી છે. કૈરવી તેની મમ્મી સાથે. મા-દીકરીને જોઇને સરલાને એકલતા ડંખે છે. તેમાંય સામે નયનને જુએ છે. એ દૃશ્યનું આલેખન સિનેમેટોગ્રાફી રીતે માણવા જેવું છે. નયનના સવાલથી અટવાયેલી સરલા ટેબલની ચકચકિત સપાટી પર પોતાનું અને નયનનું પ્રતિબિંબ જુએ. પછી હળવેકથી નયન સામે જુએ. કથકની આ વર્ણનની રીતિ સરલાના આંતર જગતમાં ભાવકને સરળતાથી લઈ જાય છે. તે નયનને પ્રશ્નનો ઉત્તર આપી શકતી નથી. એ અર્થમાં એ અબોલી રાણી છે. બીજે દિવસે સરલા મનહરલાલને મળવા જતી વખતે અબોલીના ફૂલને બદલે મદનમોહનનું ફૂલ પરોવે છે. સુજ્ઞ વાચકને ત્યાં જ ખ્યાલ આવી જાય કે સરલાનો નિર્ણય શો હશે. મદનમોહનનું ફૂલ સરલા પોતાના જન્મ દિવસે જ માથામાં લગાવતી એ અર્થમાં આ સરલાનો નવો જન્મ ગણી શકાય. નયન અને કૈરવી સરલાને વિચારવા પ્રેરે છે. વાર્તાકારે સરલાને જાતે મનહરલાલનો સામનો કરતી બતાવી છે તે યોગ્ય છે. વાર્તાકલાની રીતે જો સરલાની સાથે નયન ઊભો હોત તો આ નિર્ણય સરલાની સ્વપ્રીતિમાંથી ઉદભવેલો ન લાગે. એટલે અંશે સરલાનું પાત્ર ખોટકાય. બીજું કે, વાર્તાનો સૂર સ્ત્રીના સ્વતંત્ર અસ્તિત્વબોધનો છે. એ સુર પણ તૂટે. એ દૃષ્ટિએ વાર્તાના અંતે સરલા એકલી ઊભી છે તે યોગ્ય છે. સરલાનું સ્વનિરીક્ષણ પણ તટસ્થ છે. મનહરલાલની કુટિલતાની સાથે પોતાની મર્યાદા પણ સરલા સમજે છે.

'કોની કોની લાળથી એ કોકડું વીંટળાયું હતું? થોડી લાળ પોતાની, થોડી આ જનમની, થોડી ગયા જનમની.' (પૃ-૧૩)

એ જ રીતે તે મનહરલાલ અને નયનની તુલના કરે છે એ જોવા જેવું છે.

'નયનની છબિ તો સાવ નાની હતી, જ્યારે મનહરલાલની છબિ વિરાટ હતી અને અત્યારે વધારે ને વધારે વિરાટ થવા લાગી. દુનિયા આખી જાણે એમાં સમાઈ જાય. પણ ના, આગિયાનું તેજ જ સારું, કોડિયાનું તેજ જ સારૂં.' (પૃ-૧૩)

સરલાની આ અનુભૂતિ અગત્યની છે. વાર્તાકલાની રીતે પણ અને સ્ત્રી પુરૂષ સંબંધની રીતે પણ. વિરાટ સ્વપ્નોની લાલચ, અસામાન્ય બનવાની ઝંખના ઈત્યાદિ એવા અદૃશ્ય બંધનો વડે મનહરલાલ જેવા પુરૂષો કુટિલતાપૂર્વક સ્ત્રીનું બધી રીતે શોષણ કરતા હોય છે. મનહરલાલ આવા પુરૂષોનું પ્રતિનિધિ પાત્ર છે. દૈવી, પ્રેરણામૂર્તિ, અસામાન્ય, પુરૂષ સમોવડી વગેરે શબ્દોની સુંવાળી જાળમાં સપડાઈને સ્ત્રી પોતાને કંઈક બીજું જ માનવા લાગે. આ માની-મનાવીને સદીઓથી પુરૂષ લાગણીના મુદ્દે લગ્ન અને લગ્નેતર સંબંધમાં સ્ત્રીને છેતરતો આવ્યો છે. સરલાનો આ નાનકડો સંવાદ આ જાળને સચોટ રીતે દર્શાવે છે.

'હું તો સાવ નાનકડા કોડિયા જેવી છું. સાવ સામાન્ય નારી... તમે મારી પાસે મારી નાનકડી જ્યોત માંગી લીધી. ત્યારે તો થયેલું કે આવડો મોટો સૂરજ કોડિયા પાસે આવ્યો... હવે હું કહીશ કે આવી નાની નાની જ્યોત ભેગી કરીને જ તમે તમારો જ્યોતિપુંજ પ્રગટાવ્યો છે. અમારાં તેજ લઈ લઈને તમે અમને અંધારાં આપ્યાં, એંઠ ધરી.' (પૃ-૧૬)

સ્ત્રી-પુરૂષ સંબંધમાં આ પ્રકારના શોષણ વડે પુરૂષને શો લાભ? માનસશાસ્ત્રીય રીતે અને સત્તાની રીતે આ પ્રશ્નનો ઉત્તર શોધવો રહ્યો. પુરૂષની સત્તાની લાલસા, પાવરની ઝંખના સંતોષાય. બીજું, પોતે સ્ત્રી કરતાં ચઢિયાતો છે એવો ભાવ અનુભવાય. અલબત્ત, સંબંધની દૃષ્ટિએ આ વૃત્તિઓ હાનિકારક છે. મનહરલાલ-સરલાના સંવાદોમાં મનહરલાલની ચેષ્ટાઓનું નિરૂપણ ધ્યાન ખેંચે છે. આરંભે મનહરલાલ વાઘની જેમ આંટા મારતા જોવા મળે. મોડી પડેલી સરલા પર તાડૂકે. નયનનો ઉલ્લેખ સાંભળી સરલાના હિતેચ્છુ બની જાય. સરલાના વેધક સવાલો સાંભળી શોષક મનહરલાલ દાવ બદલે. તરત લોભામણા, સુંવાળા અવાજે વાત કરે. ત્યાં સરલા લગ્નની વાત કરે કે તરત મનહરલાલ ખુરશીમાં બેસી પડે. આ બધી ચેષ્ટાઓના લીધે આખું અંતિમ દૃશ્ય જીવંત બની ઊઠે છે. સરલા નયનના સવાલનો જવાબ મનહરલાલને આપતી હોય તેમ કહે છે, 'નયન પાસે જઈશ.'

લગ્ન એક બંધન છે. સ્ત્રીની સ્વતંત્રતા પરનું આક્રમણ છે. એવાં વિચારો સ્ત્રીના મનમાં ઠસાવીને પોતે લગ્ન કરી લઈ સ્ત્રીને પોતાની પાછળ અટવાયેલી રાખતા પુરૂષોના માનસને વાર્તાકારે મનહરલાલના પાત્ર વડે ઉઘાડું પાડ્યું છે. આરંભે નોંધ્યું તેમ ટોલ્સટોયે પણ પુરૂષપ્રધાન સમાજ વ્યવસ્થાની કુટિલ સંરચનામાં અટવાતી સ્ત્રીને નિરૂપી છે. એ જ રીતે શિરીષ પંચાલે 'મુક્તા' અને 'દામિનીના પત્રો' જેવી વાર્તાઓ વડે આપણી સામાજિક સંરચનામાં વિધવિધ રૂપે થતાં સ્ત્રીના શોષણને આલેખ્યું છે. 'મુક્તા'માં સરલાનું સ્વનિરીક્ષણ અને તેના નિર્ણય (એ પણ જાતે લેવાયેલો), મનહરલાલનું શોષક વ્યક્તિત્વ, સામાપક્ષે નયનનો પ્રેમ, કૈરવીનો સ્પર્શ તથા વિષય અનુરૂપ ભાષાકર્મ અને માર્મિક સંવાદો, સહેજ પણ અતિરંજક થયા વિના સ્ત્રી શોષણનું નિરૂપણ થયું છે. આ વિશેષતાઓના લીધે 'મુક્તા' (અને સરલા) યાદગાર બની રહે છે.

**સંદર્ભ:**


૧. 'આયનો', શિરીષ પંચાલ, સંવાદ પ્રકાશન, ૨૦૦૪.
૨. 'નવ પાશ્ચાત્ય નવલકથા', હીરેન્દ્ર પંડ્યા, આશકા પંડ્યા, પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૯.